સરકારી કુમાર છાત્રાલય (વિ.જા), દાહોદના મકાનના રીપેરીંગ અને રીનોવેશન માટે થનાર રૂા.૧૫.૫૦ લાખના ખર્ચને મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**ઠરાવ ક્રમાંક: SJED/EAA/e-file/17/2023/1164/A-1**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણમાં લીધાઃ-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો તા.૨૮/૦૮/૨૦૨૩ નો પત્ર ક્ર:વિજાક/ આનિશા/સછા/મકાન/૨૦૨૩-૨૪/૪૪૪

**આમુખ :**

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરીએ વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના તા.૨૮/૦૮/૨૦૨૩ના પત્રથી સરકારી કુમાર છાત્રાલય (વિ.જા), દાહોદના મકાનના રીપેરીંગ અને રીનોવેશન કામ માટે રૂ.૮૩,૨૧,૦૦૦/- ના એસ્ટીમેન્ટના Abstract ના કામો પૈકી કુલ ૦૫ (ક્રમ ૧, ૫, ૬, ૭ અને ૧૧)કામો માટે થનાર રૂા.૧૫.૫૦ લાખ (અંકે રૂપિયા પંદર લાખ પંચાસ હજાર પૂરા)ના ખર્ચને મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, સરકારી કુમાર છાત્રાલય (વિ.જા), દાહોદના મકાનના રીપેરીંગ અને રીનોવેશન કામ માટેના રૂ.૮૩,૨૧,૦૦૦/- ના એસ્ટીમેન્ટના Abstract ના કામો પૈકી નીચે મુજબના ક્રમ ૧, ૫, ૬, ૭ અને ૧૧ના કામો માટે થનાર રૂા.૧૫.૫૦ લાખ(અંકે રૂપિયા પંદર લાખ પંચાસ હજાર પૂરા)ના ખર્ચને પત્રક નીચે દર્શાવેલ શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

| Item No. | Item in Brief | Amount (in Lakhs) |
|---|---|---|
| 1 | Mosquito net on all window | 7.00 |
| 5 | Water tank | 0.60 |
| 6 | Rainwater and other pipeline | 0.90 |
| 7 | Bore and pump | 5.00 |
| 11 | Divyang toilet | 2.00 |
| **Total** | | **15.50** |

1. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં થયેલ બજેટ જોગવાઈ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
2. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
3. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઓચિત્યના સિધ્ધાંતોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.
4. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચતરહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
5. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણએ આપેલ મંજૂરી અન્વયે થયેલ ખર્ચની વિગતો તેમજ કામગીરી પૂર્ણ કર્યાના અહેવાલની વિગતો વિભાગને રજૂ કરવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી નં.૮૪, મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર:૪૨ મકાનો હેઠળ ચાલુ વર્ષે (વર્ષ ૨૦૨૩-૨૪)માં કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૮/૦૧/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(કેતન ડામોર)**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**પ્રતિ,**
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**નકલ રવાના:-**

- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, ગડી ફોર્ટ, દાહોદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, દાહોદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિ.જા.) દાહોદ (નિયામકશ્રી (વિ.જા.ક.)મારફત)
- સેકશન અધિકારીશ્રી (બજેટ), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂં)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪.